| રજૂ તારીખ | ૧૮/૦૧/૨૦૧૦ | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૮/૦૧/૨૦૧૦ | | |
| નિકાલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૬ | ૦૫ | ૧૪ |

**ક્રિમીનલ કેસ નં.૨૨૪/૨૦૧૦**

**આંક–.........**

## <u>ફોર્મ – એ</u>

| **પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ.પેટલાદ**<br>**(જજમેન્ટ આપ્યાની તારીખ ૦૧/૦૭/૨૦૨૬)**<br>**(કેસ નં.૨૨૪/૨૦૧૦)**<br>**પેટલાદ ટાઉન પોલીસ સ્ટેસનના ગુ.રજી.નં.૩૦૮૨/૦૯**<br>**પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૦૮ મુજબ** | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.ભુરીયા |
| **આરોપી** | (૧) કમલેશભાઈ મફતભાઈ તળપદા વાઘરી ઉં.વ.૩૨<br>રહે. નાપા તળપદા ઈ કોલોની તા.બોરસદ જી.આણંદ<br>(૨) જલાઉદ્દીન ઉર્ફે મોરલી નાનજીભાઈ સોલંકી<br>રહે. નાપા વાટા ભાખતરાપાળ તા.બોરસદ જી.આણંદ |
| **આરોપી તરફે** | વિ.વ.શ્રી એચ.એસ.મલેક, એમ.એન. રોહીત |

## <u>ફોર્મ – બી</u>

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૧૭/૧૨/૨૦૦૯ |
| **એફ.આઈ.આર.ની તારીખ** | ૧૭/૧૨/૨૦૦૯ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૨૮/૦૬/૨૦૨૩ |
| તહોમતનામું ઘડ્યાની તારીખ | ૨૫/૦૪/૨૦૨૫ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૨૨/૦૧/૨૦૨૬ |
| જજમેન્ટ આપવાની નક્કી કરેલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | |

## આરોપીની વિગત

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુક્ત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજ | કેદમાં રહેલ મુદતનો સમય સી.આર.પી.સી. ની કલમ-૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | કમલેશભાઈ મફતભાઈ તળપદા | ૧૭/૧૨/૨૦૦૯ | | પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ-૦૮ મુજબ | નિર્દોષ | | - |
| (૨) | જલાઉદ્દીન ઉર્ફે મોરલી નાનજીભાઈ સોલંકી | ૨૩/૧૨/૨૦૦૯ | | | | | |

## ફોર્મ - સી

## એ- ફરીયાદપક્ષના સાક્ષીઃ-

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | હામાભાઈ મેઘાભાઈ ભરવાડની જુબાની | પંચ | ૬૪ |
| PW2 | મફતભાઈ મોહનભાઈ ભરવાડની જુબાની | સાહેદ | ૬૯ |
| PW3 | દેવકરણભાઈ જીગાભાઈ ભરવાડ | પંચ | ૭૦ |

| | | | |
|---|---|---|---|
| PW4 | હરીભાઈ રણછોડભાઈ | પંચ | ૭૨ |
| PW5 | એ.એસ.આઈ. અશોકભાઈ અનંતરાય દવે | સાહેદ | ૭૩ |

**બી– આરોપીપક્ષના સાક્ષીઃ–**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

**સી– કોર્ટ તરફેના સાક્ષીઃ–**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

**એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજોઃ–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૬૫ | પંચનામુ |
| 2 | ૭૪ | ફરીયાદ |

**બી– આરોપીપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજોઃ–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

**સી– કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજોઃ–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

**ડી– મહત્વની વસ્તુઓઃ–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

## **-: જજમેન્ટ :-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તારીખ-૧૭/૧૨/૨૦૦૯ ના રોજ સાંજે આશરે ૧૭/૦૦ વાગ્યાના સુમારે સીમરડા સીમમાં આવેલ ગોચર નજીક પસાર થતી નદી ઉપર થી ચાર ગાયો કતલખાને લઈ જતા પકડાઈ જઈ ગુનો કરી**, પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ-૦૮** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને તેની બજવણી થતા આરોપીઓ કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે ચાર્જશીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુના અંગેનું **આંક-૫૬** થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને આરોપીઓની **આંક-૫૭ અને ૫૮** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ નથી. તેથી કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે તથા ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા નોંધવામાં આવેલ છે.

**(3)** સદર કામે ફરિયાદપક્ષે ફોર્મ-સી માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**(૪)** ઉપરોક્ત ફોર્મ-સી માં જણાવ્યા મુજબના પુરાવા રજૂ થયા બાદ ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવા રજૂ થયેલ નથી અને ક્લોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ નથી. તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા જોતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવાપાત્ર કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

તેમજ ત્યારબાદ ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

**(૫)** આ કામે કેસના આખરી નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્દાઓ :-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ-૧૭/૧૨/૨૦૦૯ ના રોજ સાંજે આશરે ૧૭/૦૦ વાગ્યાના સુમારે સીમરડા સીમમાં આવેલ ગોચર નજીક પસાર થતી નદી ઉપર થી ચાર ગાયો કતલખાને લઈ જતા પકડાઈ જઈ ગુનો કરી, **પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ-૦૮** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુ ક મ ? |

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**: કા ર ણો :**

**(૭) મદ્દા નં.૦૧ અને ૦૨**

સદર કામે ફરીયાદપક્ષે **આંક-૬૪ થી પંચ હામાભાઈ મેઘાભાઈ ભરવાડ**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "પોલીસે મને સને ૨૦૦૯ ની સાલમાં હુ મારા ખેતરમાં હતો તે વખતે પંચમાં રહેવા બોલાવેલો પંચનામુ શી બાબતનુ હતુ તેની મને ખબર નથી. પોલીસે એક લખેલા કાગળમાં મારી સહિ લધેલી. મને પંચનામાની

ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમા પંચ નંબર ૧ તરીકે મારી સહિ છે જેને હું ઓળખુ છુ. પંચનામાની ઝેરોક્ષ નકલ ને આંકે પાડવા બચાવ પક્ષને વાંધો ન હોય પંચનામાને રજુ દાખલ **આંક-૬૫** આપવામાં આવે છે. એવુ બનેલ નથી કે સીમરડા ગામમાં આવેલ ગૌચર નજીક પસારથી થતી નહેર ઉપર થી ચાર ગાયો કતલ ખાને કોઈ વ્યકિત લઈ જતાં હોય અને તે વ્યકિત પકડાયેલ હોય અને મારી હાજરીમાં કોઇ ગાયો કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી." તેવી હકીકત જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની જુબાની આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ની મૌખીક વિનંતીથી તેમને વિમુખ સાક્ષી જાહેર કરેલા છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષને ઉપયોગી કોઈ ફળદાયી હકીકતો જણાવતા નથી.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખેલા કાગળમાં મારી સહી લીધેલી એ કાગળ મે ઉપર જણાવેલ પંચનામાનું કાગળ હતું. પોલીસે મારી સહી લીધી ત્યારે મારા સિવાય કોઈ હાજર હતુ નહી. એ વાત ખરી છે કે પોલીસે મારી હાજરીમાં આરોપી પાસેથી કરે કે મુદ્દામાલ કે વસ્તુ કબજે કરેલ નથી."

**(૭.૧)** વધુમાં ફરીયાદપક્ષે **આંક-૬૯ થી સાહેદ મફતભાઈ મોહનભાઈ ભરવાડ**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "આજથી આશરે ૧૭ થી ૧૮ વર્ષ પહેલા રમેશભાઈ ગંગાભાઈનાઓએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કઈ બાબતની આપેલી તેની મને કોઈ જાણ નથી અને તે ફરીયાદ સબંધી પોલીસે મારો કોઇ જવાબ લીધેલ નથી." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી નથી કે પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સિવાય કાંઈ ખબર નથી."

**(૭.૨)** ફરીયાદપક્ષે **આંક-૭૦ થી પંચ દેવકરણભાઈ જીગાભાઈ ભરવાડ**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "આજથી ૧૫, ૧૬ વર્ષ પહેલાં પોલીસે મારું નામ ઠામ પૂછેલું તે સિવાય મને કાંઈ પૂછેલ નથી. બનાવ બાબતે હું કાંઈ જાણતો ન હોવાથી મેં

પોલીસને એવી કોઈ હકીકત લખાવેલ નથી કે આરોપીઓ આ ચાર ગાયો લઈ જતા પકડાયેલ હતા. આજરોજ હું સાથે મફતભાઈ સાથે અદાલતમાં આવેલ છું. હું બીજું કાંઈ જાણતો નથી." તેવી હકીકત જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની જુબાની આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ની મૌખીક વિનંતીથી તેમને વિમુખ સાક્ષી જાહેર કરેલા છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષને ઉપયોગી કોઈ ફળદાયી હકીકતો જણાવતા નથી.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત કરી છે કે પોલીસે મારું નામ કામ પૂછેલું તે સિવાય મને કાંઈ પૂછ્યું નથી મેં પોલીસને તે સિવાય કાંઈ લખાવી નથી."

(૭.૩) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૭૨ થી પંચ હરીભાઈ રણછોડભાઈ**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "આજથી આશરે ૧૭ વર્ષ પહેલા હુ મારા ઘરે હાજર હતો તે વખતે ગામની ગોચરની જમીનમાંથી ચાર ગાયોને કોઇક ઇસમો કાપવા માટે કે શું કરવા માટે લઇ ગયા હતા તેવુ મે જાણેલુ આ ગાયો કોણ લઇ ગયુ હતુ તેમને મે જોયેલા નહી કે નામ પણ જાણેલા નહી. તારીખ ૧૭–૧૨–૨૦૦૯ ના રોજ પોલીસે મારુ નિવેદન લીધેલુ તે નિવેદનમાં પોલીસે શુ લખેલુ હતી તે મને વાંચી સંભળાવેલ નહી અને તે નિવેદનમાં શુ લખેલ તે મને યાદ નથી." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ બાબતે હુ કાંઇ જાણતો નથી. પોલીસે ફક્ત મારુ નામ ઠામ પુછેલુ."

(૭.૪) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૭૩ થી સાહેદ અશોકભાઈ અનંતરાય દવે**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "સને ૨૦૦૯ ની સાલમાં અમો પેટલાદ ટાઉન પો.સ્ટેમાં પો.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન અમો તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સીમરડા ગોચર વિસ્તારની જમીન માંથી બે ઇસમો ચાર ગાયોને પકડી લઇને જતા હોઈ જે માહીતી આધારે અમો તથા પોલીસ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ દિપીલસિંહ, પો.કો. ગીરીશભાઈ ભાથીભાઈ, અને હે.કો. રમેશભાઈ ગગાભાઈ ગોચર

વિસ્તારની જમીનમાં ગયેલા અને ત્યા બે અજાણ્યા ઈસમો ગાયો લઇને જતા હતા તેઓ અમો પોલીસને જોઇને ગાયો સ્થળ પર મુકીને ભાગી ગયેલા. તેઓના નામ હાલ મને યાદ નથી બનાવની ફરીયાદ અમારી સાથેના હે.કો. રમેશભાઈ ગગાભાઈ નાઓએ આપેલી મને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે હે.કો. રમેશભાઈ ગગાભાઈ નાઓની સહી છે. જેઓની સીથે હુ નોકરી કરતો હોઇ તેઓની સહીને હુ ઓળખુ છુ. જે ફરીયાદની ઝેરોક્ષ નકલને રજુ દાખલ આંક.૭૪. આપવામાં આવે છે. બનાવ સબંધી પોલીસે મારો જવાબ લીધેલો. બનાવને ઘણો લાંબો સમય થઇ ગયેલ હોય આરોપીઓને ઓળખુ શકુ નહી." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, ગાયોને લઈ જનાર કોણ હતા તેની મને ખબર નથી."

**(૮)** કોઈપણ કેસમાં જયારે પોલીસ ચાર્જશીટના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે અદાલતેએ ખ્યાલ રાખવાનો હોય છે કે, અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે એ બાબત પણ લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. કોઈપણ બનાવનો ભોગ બનનારે ન્યાય મેળવવા માટે સૌપ્રથમ સારવાર કરનાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સીની ઈરાદા સાથે કે ઈરાદા વગર (શુધ્ધબુધ્ધિ પુર્વકની) કોઇ ભુલ કરે તો તેનો ખરેખર ભોગ બનનારને બનવું ન પડે તે પણ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે જોવાની ફરજ પણ અદાલતની છે. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ,સ્ટેટ ઑફ યુ.પી વિરુધ્ધ અનીલસીંગ, અંબીકાપ્રસાદ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ, ૭૧૮ ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને સમાજમાં જે રીતે ક્રાઈમ વધી રહેલ છે અને જે રીતે આરોપીઓ શંકાનો લાભ મેળવી બચી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંવ સાહેદો સાક્ષી બનવાનુ ટાળે છે, અન્વેષણ અધિકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે. પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટ એ ધ્યાનમાં રાખવુ જોઈએ કે, જજની ખુશીમાં બેસી જજે માત્ર એટલુ જ જોવાનું નથી

કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન થઈ જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે. આ બાબત ધ્યાન પર રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ દાખલ થયેલ છે. ફોજદારી કેસમાં ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના સિધ્ધાંતો જોઈએ તો,...Basically, there are three cardinal principles of criminal jurisprudence. 1.prosecution to prove its case beyond reasonable doubt. 2.The accused must be presumed to be innocent. 3.The onus of the prosecution never shifts. The criminal jurisprudence has given a wider area to the accused. There is no only moral conviction, Howsoever grave the alleged offence may be, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is “fouler the crime higher the proof”. ફરીયાદપક્ષ સદર મુળભુત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાકીય બાબતોનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, આ કામમાં **આંક-૬૪** થી પંચને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતા ફરીયાદપક્ષને સમર્થનકારક કોઈ જુબાની આપેલ નથી. આ કામમાં **આંક-૭૪** થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. પંચસાહેદે ફરીયાદપક્ષને કોઈ સમર્થનકારક જુબાની આપેલ ન હોય આથી ફરીયાદપક્ષ **આંક-૭૪** થી રજુ કરવામાં આવેલ ફરીયાદીના મુળ પુરાવાને રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામમાં **આંક-૭૦ અને આંક-૭૨** થી પંચને તપાસવામાં આવેલ છે તેઓએ પણ **આંક-૬૫** થી રજુ કરવામાં આવેલ પંચનામાને કોઈ સમર્થનકારક જુબાની આપેલ નથી. તેમજ **આંક-૬૯** થી સાહેદને તપાસવામાં આવેલ છે તેમણે પણ ફરીયાદને સમર્થકારક જુબાની આપેલ નથી.

આથી ફરીયાદપક્ષ આ કામમાં પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામમાં પંચ **આંક–૭૩** ના સાહેદની જુબાની ધ્યાને લેતા તેઓ ગાયો લઈ જનાર કોણ હતા તે જાણતા નથી. તેવી હકીકત જણાવેલ છે અને રેકર્ડ આધારિત જુબાની આપતા હોવાની બાબત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા આંક–૬૨ થી ફરીયાદીને કરવામાં આવેલ પ્રોસેસ ધ્યાને લેતા આંક–૬૩ ના મરણના પ્રમાણપત્ર સાથે મુળ ફરીયાદી અવસાન પામતા પરત આવેલ છે. વધુમાં આંક–૬૬ થી પંચ સાહેદ સુરેશભાઈ બાબરભાઈ પટેલનાઓને પ્રોસેસ કરતા તેઓ અવસાન પામેલા હોવાની બાબત તેમના મરણના પ્રમાણપત્ર સાથે રેકર્ડ ઉપર આવેલ છે. આવા કીસ્સામાં ફરીયાદપક્ષ મુળ ફરીયાદીનો પુરાવો તેમજ પંચ નં.૨નો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૦)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, તથા ફરીયાદપક્ષના કેસમાં ગયેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ જણાઇ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો કોઈ ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સિધ્ધાંત છે કે, સો ગુન્હેગારો ભલે છુટી જાય પરંતુ કોઈ નિર્દોષ માણસને ખોટી રીતે સજા થવી જોઈએ નહી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા ***kailash Gaur V/s. State of Aasam A.I.R.*** *2012 SC 786* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે :– *"28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It*

*is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this court observed : "Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India."*

**(૧૧)** ફરીયાદપક્ષના કેસની તમામ હકીકતો અને સંજોગો તેમજ ફરીયાદપક્ષના તમામ પુરાવા ધ્યાને લેતાં ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના **પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૦૮** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી મુદ્દા નં.1

**"નકારમાં"** ઠરાવી મુદ્દા નં.2 અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **-:: આખરી હુકમ ::-**

**(૧)** ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપી નં.**(૧) કમલેશભાઈ મફતભાઈ તળપદા વાઘરી** ઉં.વ.૩૨ રહે. નાપા તળપદા ઈ કોલોની તા.બોરસદ જી.આણંદ. આરોપી નં.**(૨) જલાઉદ્દીન ઉર્ફે મોરલી નાનજીભાઈ સોલંકી** રહે. નાપા વાટા ભાખતરાપાળ તા.બોરસદ જી.આણંદનાઓને **પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ-૦૮** અન્વયેના સજાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.

- જો મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલ પાવતીમાં જણાવેલી બાબત ધ્યાને લેતા ઈન્કવાઈરી કરી સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(3)** આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૭ અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ-૦૧, માહે-જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ - ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(ડી.બી.ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC NO.GJ00757

સ્ટેનો- ડી.જે. સોલંકી

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલ– તમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રી/સંબંધિત કર્મચારીએ, સમગ્ર કેસ/અરજી કાળજી પૂર્વક ખરાઇ કરવી. જો કોઇ પ્રોસીઝરલ ભુલ અથવા ક્ષતિ જણાઇ આવે તો, ઓફિસની નિયત પ્રક્રિયા મુ– જબ તે બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(દિલીપસીંહ બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC NO.GJ00757

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડ અંગેની કાર્યવાહી કરેલ છે.<br>**અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ / અરજી ક્રમાંક નંબર ૨ મુજબ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર / બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | ક્રમાંક નંબર ૩ના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે.<br>**સુપ્રિટેન્ડેન્ટ / રજીસ્ટ્રી** | |